# …અમેરિકાની અટારીએથી…

**શ્રી કડવા પટેલ સમાજ ઓફ નોર્થ અમેરિકા (KPSNA) આયોજિત સિનિયર કન્વેનશન**


























સમગ્ર વિશ્વમાં પથરાયેલ વિવિધ દેશોની માનવ વસ્તીના સમૂહને ઓળખવાનો પ્રયત્ન કરશો તો ઘણા બધા દેશોમાં ભારતીય મૂળની વસ્તીનો ખૂબ જ મોટો સમુહ અવશ્ય જોવા મળશે. વિશેષ કરીને અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, અને ઇંગ્લેન્ડ જેવા દેશોમાં ભારતીય મૂળની વસ્તીનો ખૂબ જ મોટો વર્ગ પરદેશની ભૂમિને પોતાની કર્મભૂમિ બનાવીને વર્ષોથી વસવાટ કરે છે. આજે આપણે આપણી જ્ઞાતિના, છેલ્લા ઘણા બધા વર્ષોથી અમેરિકામાં સ્થાયી

વસવાટ કરતા, બાંધવોની વિકાસ ગાથા સાથે તેઓને સંગઠિત થઈને નાતના ઉત્કર્ષ માટે જે સેવા યજ્ઞ શરૂ કર્યો છે તેની વિકાસયાત્રાની થોડીક વાતો કરવી છે.

અંગ્રેજીમાં એક સુવાક્ય છે "*Unity is strength...when there is a teamwork and collaboration, wonderful things can be achieved*" કંઇક આવા જ ઉમદા હેતુથી સન 1997ની સાલમાં KPSNA (કડવા પટેલ સમાજ ઓફ નોર્થ અમેરિકા) આપણા સાંસ્કૃતિક મૂલ્યો જળવાઇ રહે એ માટે કાર્યરત થયું. આજે આપણું આ સંગઠન અમેરિકા અને કેનેડામાં વસતા આશરે ત્રણ હજારથી પણ વધુ પરિવારનું પ્રતિનિધિત્વ કરે છે, અને સાથે સાથે લાંબા સમયથી અમેરિકા અને ભારતમાં વસવાટ કરતા આપણા પરિવાર વચ્ચેનો સંપર્ક સેતુ તરીકે મજબૂત કડી બનીને સતત ઉજળી તકો માટે પ્રયત્નશીલ રહે છે. KPSNAની છત્રછાયા નીચે અમેરિકાના વિવિધ રાજ્યો તથા કેનેડામાં લોકલ ચેપ્ટર દ્વારા આપણા કડવા પટેલ ભાઈ-બહેનો એક તાંતણે બંધાઈ અને વિવિધ પ્રવૃત્તિઓમાં પોતાનું યોગદાન આપે છે.

વર્ષો પહેલા મર્યાદિત સંખ્યા ધરાવતું આપણુ આ સંગઠન આજે તો વિશાળ વટવૃક્ષ બની ચૂક્યું છે. જેનો સંપુર્ણ યશ છેલ્લા એક દાયકાથી KPSNA ને મળેલી લીડરશીપ (નેતૃત્વ) છે. જ્ઞાતિ ઉત્કર્ષના તમામ નાના મોટા કાર્યોને સફળ બનાવવા તેઓ સતત પ્રયત્નશીલ રહે છે. આશરે પાંચેક દાયકાઓ પૂર્વે આપણી જ્ઞાતિની સભ્ય સંખ્યા ખૂબ જ મર્યાદિત હતી પરંતુ છેલ્લા 20-25 વર્ષથી લઇને અહીંયા કાયમી વસવાટ કરનારાઓની સંખ્યા ખુબ જ ઝડપથી વધવા લાગી છે અને ખાસ કરીને પોતાના સંતાનો સાથે રહેવા જીવનની સંધ્યાએ પહોંચેલા વડીલો-મુરબ્બીઓની સંખ્યામાં પણ ઝડપથી વધારો થતો રહે છે. તેઓ બધા દેશમાંથી એક વિશેષ પ્રકારની જીવન પદ્ધતિ, સામાજિક આચારસંહિતા, સાંસ્કૃતિક મૂલ્યો તેમજ કૌટુંબિક મૂલ્યો પોતાની સાથે લાવીને અહીં ઠરીઠામ થયા છે. સ્વાભાવિક છે કે તેઓ પોતાના મૂલ્યો જાળવીને અહીંની નવી જીવન વ્યવસ્થામાં ઓતપ્રોત થાય. KPSNA આવા વડીલોને એક મંચ પર લાવી તેઓની લાગણીઓનું જતન કરવા અવિરત પ્રયત્નો કરે છે.

KPSNAના ભૂતપૂર્વ પ્રમુખોને વિચાર સ્ફૂર્યો કે આપણે વધુ સંગઠિત થઈને આપણા સમાજના સભ્યોના પ્રશ્નોને વાચા આપવા કંઈક કરીએ. લાંબા સમયથી અમેરિકામાં વસવાટ કરતાં આપણા વડીલો એક મંચ પર આવે, આપણી તમામ પ્રવૃત્તિઓને નજીકથી જાણે, અને અહીંની જીવનશૈલીમાં એકરૂપ થવા પ્રયત્ન કરે એજ ખ્યાલ ને આગળ ધરીને સિનિયર સિટીઝન સંમેલન યોજવાના પ્રયત્નો શરૂ થયા.

શ્રી કડવા પટેલ સમાજ ઓફ નોર્થ અમેરિકા (KPSNA)ના ઉપક્રમે તાજેતરમાં આઠમું સીનીયર સીટીઝન સમેલન વ્રજ, પેન્સિલવેનિયામા **શુક્રવાર સપ્ટેમ્બર ૨૮ થી રવિવાર સપ્ટેમ્બર 30** સુધી યોજાઈ ગયું હતુ. KPSNA દર

બે વર્ષ આ પ્રકારના સિનિયર કન્વેન્શનનું આયોજન કરે છે. છેલ્લા બે વખતથી આ કન્વેન્શન વ્રજ પેન્સિલવેનિયામાં યોજાયું છે. અગાઉના વર્ષોમાં આ પ્રકારના સિનિયર કન્વેન્શન સારલોટ, નોર્થ કેરોલિના, વર્જિનિયા બીચ અને કનેક્ટિકટ રાજ્યમાં યોજાયેલ.

વ્રજધામ (વૈષ્ણવ હવેલી) નોર્થ-ઈસ્ટ પેન્સિલવેનિયામાં એલનટાઉન શહેરથી લગભગ ૪૦ માઈલ દૂર એપેલેશિયન પર્વતમાળાઓની ગોદમાં 300 એકર જમીનમાં પથરાયેલ ખૂબ જ રમણીય સ્થળ છે.

આ સિનિયર કન્વેન્શનમાં આખા અમેરિકાના ૧૫ જેટલા વિવિધ રાજ્યો જેવાકે પેન્સિલ્વેનિયા, ડેલાવેર, ન્યૂજર્સી, ન્યૂયોર્ક, કનેક્ટિકટ, મેરીલેન્ડ, વર્જિનિયા, નોર્થ કેરોલીના, જ્યોર્જિયા, ફ્લોરિડા, ઇન્ડિયાના, મિશિગન, ટેકસાસ ,કેલિફોર્નિયાથી લગભગ 235 જેટલા સિનિયરોએ ભાગ લીધો હતો. લોકલ પેન્સીલવેનિયાના લગભગ 25થી પણ વધારે જેટલા સ્વયંસેવકોએ ખૂબ જ મહેનત અને ઉત્સાહથી આ કાર્યક્રમનું સફળ સંચાલન કરીને વડીલોને ખૂબ જ આનંદ કરાવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત શુક્રવારે બપોર પછી વડીલોના આગમનથી થઈ હતી. રાત્રિના કાર્યક્રમની શરૂઆત KPSNAના નવા ચૂંટાયેલા પ્રેસિડેન્ટ શ્રી સંજયભાઈ કાલાવડિયા તથા એક્સએક્યુટીવ કમિટી મેમ્બર શ્રી અલ્પેશ કનેરિયાનાં **સ્વાગત પ્રવચન**થી થઈ હતી. ત્યારબાદ રીવા કનેરિયા (ઉ.વ.13) અને જિયા કનેરિયા (ઉ.વ. 5) એ શ્રોતાગણને સુંદર મજાનું **યમુનાષ્ટકનું પાન** કરાવ્યું હતું. શ્રી વિનયભાઈ પટેલે પોતાના મધુર અવાજમાં જુના ગીતો ગાઇને વડીલો તથા પ્રેક્ષક ગણોના હૈયા ડોલાવી નાખ્યા હતા.

શનિવાર સપ્ટેમ્બર 29ના સવારે બ્રેકફાસ્ટ બાદ કાર્યક્રમની શરૂઆત બંને દેશો (ભારત અને અમેરિકા)ના રાષ્ટ્રગીત ગાઈને થઈ હતી. ત્યારબાદ વિવિધ ક્ષેત્રોના નિષ્ણાંત **ડોક્ટરોની પેનલનું ડિસ્કશન** હતું. જેમાં કેન્સર સ્પેશિયાલિસ્ટ ડો. ભાણજીભાઈ કુંડારિયા, અનુભવી ફેમિલી ફીઝીશ્યન શ્રી બાલુબાપા (ગોંડલ) ના દિકરા ડો. અશોકભાઈ પટેલ, ખ્યાતનામ સાઈકિયાટ્રિક ડૉ. ચુનીભાઇ કણસાગરા, ગેસ્ટ્રોલોજિસ્ટ ડો. જયંતભાઈ ડઢાણીયા, ફિઝિયોથેરાપિસ્ટ શ્રીમતી રમીલાબેન ડઢાણીયા, એનેસ્થયા સ્પેશિયાલિસ્ટ ડો. રમેશભાઈ ભાલોડિયા, ડેન્ટિસ્ટ ડો. હરિભાઈ દલસાણીયા, ડો. જય કલોલા, એલર્જીના ડો. મનુભાઈ ડઢાણીયા તથા રજીસ્ટર્ડ ડાયેટિશ્યન શ્રીમતી ચંપાબેન સરોડીયા વિગેરએ પોતાના ક્ષેત્ર વિશે સિનિયર સિટીઝનોને ઊંડી જાણકારી આપી હતી અને તેમના સવાલોના જવાબ આપ્યા હતા. આ ડિસ્કશન પેનલ બધાને ખૂબ જ લાભદાયક રહેલ.

ત્યારબાદ જાણીતા ઈમિગ્રેશન વકીલ શ્રી પ્રવીણભાઈ કાલરીયાએ અમેરિકામાં હાલની સરકાર દ્વારા કરવામાં આવેલા અથવા નજીકના ભવિષ્યમાં શક્યતાઓ વાળા **વિવિધ ઈમિગ્રેશનના કાયદાઓ અને નિયમો** વિશે લોકોને માહિતગાર કર્યા હતા તથા હાલની પરિસ્થિતિમાં શું કરવું અને શું ન કરવું એ વિશેની ઊંડી સમજણ આપી હતી.

અમેરિકાના ન્યૂજર્સી રાજ્યના પ્રખ્યાત વકીલ અને સર્ટિફાઇડ એસ્ટેટ પ્લાનર શ્રીમતી યાસ્મીન ખલીલે વીડિયો કોન્ફરન્સથી **રિટાયરમેન્ટ સમયમાં કઈ રીતના એસ્ટેટનું પ્લાનિંગ કરવું** એ વિશે બધાને એજ્યુકેટ કર્યા હતા.

શનિવારે બપોર બાદ ખૂબ જ રસપ્રદ વિષય **ઈસ્ટર્ન અને વેસ્ટર્ન કલ્ચર** વચ્ચેના તફાવત ઉપર ચર્ચા થઈ હતી. આ ચર્ચાનું મોડરેટિંગ KPSNAના ઈમિડિએટ પાસ્ટ પ્રેસિડેન્ટ શ્રી દિનેશભાઈ કંટારીયાએ કર્યું હતુ. પેનલમાં ડો. ભાણજીભાઈ કુંડારિયા, ડો. અશોકભાઈ પટેલ, ડો. જયંતભાઈ ડઢાણીયા ,શ્રીમતી ચંપાબેન સરોડીયા તથા KPSNAના નવા ચૂંટાયેલ યુવાન એક્ઝિક્યુટીવ કમિટી મેમ્બર શ્રી જય માકડીયાએ ઈસ્ટર્ન અને વેસ્ટન કલ્ચરમાં શું સ્વીકાર્ય અને શું નહીં અને શા માટે આ ઉપરના પોતાના અનુભવો અને તાર્કિક દલીલો સાથેના અનેક પ્રશ્નોના જવાબો આપ્યા હતા. આ ચર્ચા દરમિયાન વડીલોએ ઘરમાં પોતાના દીકરા તથા દીકરીઓ સાથે કઈ રીતે વર્તવુ, પોતાની જાતને કેમ એડજસ્ટ કરવી, તથા ખૂબ જ મહત્ત્વના વિષય બાળકોને માતૃભાષા શીખવાડવી જ જોઈએ જેવા મુદાઓ પર જુદા જુદા લોકોના અનુભવો અને ઉદાહરણો રજૂ થયા હતા.

આપણા ગુજરાતીઓનો અને એમાં પણ આપણા કડવા પટેલનો કોઈપણ કાર્યક્રમ ગરબા વગર તો અધૂરો જ રહી ગયો ગણાય. જમવાની લગભગ એક કલાક પહેલા નાના-મોટા દરેકે આનંદથી બે તાળી, ત્રણ તાળી અને ડાંડીયા રાસની રમઝટ બોલાવી હતી.

સાંજના સ્વાદિષ્ટ ભોજન પછી લોકલ પેન્સિલવેનિયાના બહેનોએ સરસ મજાના ગરબાનું પ્રદર્શન કરી રાત્રિના કાર્યક્રમની શરૂઆત કરી હતી. કાર્યક્રમની શરૂઆતમાં KPSNAની નવી ચૂંટાયેલી કમિટીની ઓળખાણ કરવામાં આવેલ.

ત્યારબાદ રાજકોટના સુપ્રસિદ્ધ રત્નકાર અને લગભગ 38 દેશોમાં પોતાના કાર્યક્રમ આપી ચૂકેલા ગાયક શ્રી વિનોદભાઈ પટેલના કંઠે સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાયેલ. શ્રી વિનોદભાઈના મધુર અવાજ અને સમજાવવાની આગવી છટાએ સતત ત્રણ-ચાર કલાક સુધી શ્રોતાજનોને જકડી રાખ્યા હતા.

આ બાદ લગભગ ૧૯ જેટલા દાતાઓએ કન્વેન્શનના વિવિધ ઈવેન્ટ્સ સ્પોન્સર કર્યા હતા તેમનું તથા સમાજમાં વિશિષ્ટ યોગદાન આપનારા ૧૫ જેટલા અન્ય દાતાઓનું ફ્લાવર બુકે આપી સન્માન કરવામાં આવ્યું હતું.

રવિવારે સવારે કનેક્ટિકટ  રાજ્યથી  ખાસ પધારેલા પ્રખર ચિંતક ડો. સુકેતુ ત્રિવેદીએ "**હિન્દુનીઝમઃ એ ફિલોસોફી ફોર હેપી લાઇફ**" ઉપર ખુબ જ સરસ અને પ્રેરણાદાયક સંબોધન કર્યું હતું. તેમનો ધર્મ અને ગીતા ઉપરનો ઊંડો અભ્યાસ  અને આ  અભ્યાસમાંથી તારવેલા વીણેલા મોતી જેવા દાખલાઓ ખરેખર પ્રેક્ટીકલ જીવનમાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય તેવા હતા. તેમના અનુભવ પ્રમાણે મનુષ્ય જીવન એક સ્થિર પાણીની સપાટી જેવું છે, અને સુખ-દુખ કે કોઈપણ મુશ્કેલીઓ તો ઉપર આવતા મોજાની જેમ આવી અને જતી રહે છે જેનાથી અંદરના પાણીને કોઈ અસર થતી નથી.

શનિવાર અને રવિવાર બન્ને દિવસોએ વહેલી સવારે મુરબ્બી શ્રી પ્રવીણભાઈ કાલરીયાએ લગભગ ૬0 થી ૭0 જેટલા ભાઈઓ-બહેનોને યોગના વિવિધ  ફાયદા  સમજાવી અને યોગ ક્લાસ કરાવ્યા હતા.

કન્વેન્શનના આ ત્રણેય દિવસ દરમિયાન ખૂબ જ સરસ જમવાનું (બાજરાના રોટલા, ખીચડીથી લઈને મલાઈકોફતા જેવી પંજાબી વાનગીઓ, ચુરમાના લાડુ,  ગુંદી તથા મોહનથાળ જેવી અનેક મીઠાઈઓ) તથા પવિત્ર વ્રજભૂમિમાં રહેવાની સુવિધાઓ અને સમયે-સમયે  શ્રી ઠાકોરજીના દર્શન  વિગેરે બાબતો એ વડીલોના દિલ જીતી લીધા હતા.

આ કન્વેન્શનનું સંચાલન પેન્સીલવેનિયાના લોકલ સ્વયંસેવકોએ (અલ્પા તથા અલ્પેશ કનેરિયા, પ્રફુલાબેન તથા નગીનભાઈ સીતાપરા, વિનોદભાઈ સીતાપરા, રંજીતા  તથા  રાજેશ સુતરીયા, પ્રયાસ ખાંટ  નિમેશ કંટેસરિયા, હંસાબેન જસાણી,  મનસુખભાઈ ભાલોડિયા અને ફેમીલી, વિજયભાઈ પડોદરા, નાનજીભાઈ સાપરિયા, વિજયભાઈ વાછાણી, ઉર્મિબેન ઉંજીયા, રશ્મિબેન તથા અનુભાઈ જાવિયા, અમિત ખાંટ, નીરવ જાવિયા વિ.) દિવસ રાત એક કરી કર્યું હતુ.આ કન્વેન્શનની યાદ કેમેરામાં કેદ કરી અને હંમેશા તાજી રાખવાનું ફોટોગ્રાફીનું અને વિડીયો શુટીંગનું ઉમદા કાર્ય શ્રી નરેન્દ્રભાઈ ગોધાણી તથા શ્રી નિર્મલભાઈ માકડીયાએ કર્યું હતું. ૩0મી સપ્ટેમ્બર ને રવિવારના વિદાય થતા સર્વે વડીલો ના મુખે "**મજા પડી ગઈ, ખૂબ જ મજા આવી**" નો એક જ સૂર ગુંજતો હતો. સફળતાનો આ પ્રતિસાદ હતો.

કડવા પટેલ સમાજ ઓફ નોર્થ અમેરિકા (KPSNA) દેશમાં વિવિધ પ્રવૃતિઓ જેવી કે જરૂરિયાત વાળા બાળકોને સ્કોલરશીપ, બ્રીલિયન્ટ સ્ટુડન્ટ સ્કોલરશીપ (વિજાપુરા વિદ્યા સંકુલ, સીદસર) ગામડામાં  શુદ્ધ પીવાનાં પાણી માટે RO પ્લાન, સેનિટેશન એટલે કે ટોઇલેટ બંધાવી આપવા માટેના પ્રોજેક્ટ્સ, વોટર કન્ઝર્વેશન પ્રોજેક્ટ્સ તથા હેલ્થ ને લગતા વિવિધ પ્રોજેક્ટ્સ જેવા કે એનેમિયા અવેરનેસ, વિગેરે ચલાવે છે. અત્રે એ ઉલ્લેખ કરવો ઘટે કે શ્રી અશ્વિનભાઈ જાવીયા વર્ષમાં આઠ મહિના જેટલું સીદસર રોકાઈને પોતાનું કીમતી યોગદાન આપે છે. આ ઉપરાંત શ્રી

પ્રવીણભાઈ કાલરીયા પણ વર્ષમાં બેથી ત્રણ મહિના સીદસર વિદ્યાસંકુલમાં રોકાઈને વિદ્યાર્થીઓને મેન્ટરીંગ કરે છે. આ પ્રયત્નોથી વિદ્યાર્થીઓની ગુણવત્તાનું ધોરણ વધ્યું છે.

KPSNA અમેરિકા તથા ભારતમાં વસતા દરેક જ્ઞાતિજનોને ઉદાર હાથે તન, મન અને ધનથી સાથ અને સહકાર આપી આ સેવાનાં યજ્ઞમાં ભાગ લેવા અપીલ કરે છે.

- **અલ્પેશ કનેરિયા**

  USA - ૦૦૧-૪૦૭-૮૦૩-૩૩૧૭

(નોંધ: સમાજમાં થતા કાર્યનો સંદેશો સમાજ સુધી પહોંચાડવાની અંતરની ઈચ્છાઓ સાથે-સાથે મુરબ્બી શ્રી મગનભાઈ દલસાણીયાની લેખનસામગ્રીમાં દોરવણી તથા શ્રી અશોકભાઈ પટેલના વિચારો અને મિત્ર કેતન સાપોવાડીયાની એડિટિંગની મદદથી આ કૃતિ તમારી સમક્ષ રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.)